કાળઝાળ ગરમીમાં પ્રજા તરસી | નગરપાલિકાના 'બહાના' અને પ્રજાની 'યાતના'

મહેમદાવાદમાં ૩૫ હજારની જનતાનો પાણીના એક-એક ટીપાં માટે પોકાર ઉઠ્યો

ત્રણ દિવસથી
જળ સંકટ છતાં સત્તાધીશોની ઘોર બેદરકારી

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.૨૩

મહેમદાવાદ શહેરમાં આભમાંથી અગનગોળા વરસી રહ્યા છે ત્યારે બીજી તરફ શહેરની આશરે 35,000ની વસ્તી છેલ્લા ત્રણ-ત્રણ દિવસથી પીવાના પાણી માટે વલખા મારી રહી છે. કાળઝાળ ગરમી વચ્ચે પીવાનું પાણી ન મળતા પ્રજાજનોમાં ત્રાહિમામની લાગણી ફેલાઈ છે.

મહેમદાવાદમાં ચાર દિવસથી મોટર બગડી છતાં સમારકામમાં ઉદાસીનતા પ્રાપ્ત વિગતો અનુસાર, મહેમદાવાદમાં ગત ગુરુવારથી પાણીનો પુરવઠો ખોરવાયો છે. નગરપાલિકા દ્વારા એવા બહાના કાઢવામાં આવી રહ્યા છે કે આસ્થા હોમ્સ પાસે પાઈપલાઈનમાં ગાબડું પડ્યું છે અને ફાટા તળાવ પાસેની પાણીની મોટર બળી ગઈ છે. આશ્ચર્યની વાત તો એ છે કે મોટર બળી ગયાને ચાર દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. જ્યારે પણ નાગરિકો પાલિકાના સભ્યોને ફોન કરે છે, ત્યારે આજે પાણી આવી જશે, આજે આવી જશે તેવા પોકળ આશ્વાસનો આપવામાં આવી રહ્યા છે.

મહેમદાવાદ શહેરમાં પાણીનો પુરવઠો જાળવવા માટે 10 થી વધુ ટાંકીઓ આવેલી છે. જો નગરપાલિકા દ્વારા યોગ્ય રીતે 'ઝોન સિસ્ટમ' અમલમાં મૂકવામાં આવે તો આવી ગંભીર સમસ્યા નિવારી શકાય તેમ છે, પરંતુ તંત્ર દ્વારા લાંબા સમયથી આ દિશામાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી. પરિણામે સામાન્ય ખામી સર્જાતા જ આખું શહેર તરસ્યું રહે છે.

હવે પ્રજા કોના સહારે?

બે ટાઈમ પાણી આપવાના વાયદા કરતી નગરપાલિકા છેલ્લા છ-છ ટર્મથી પૂરતું પાણી આપી શકતી નથી તેવો ગંભીર આક્ષેપ પણ ઉઠ્યો છે. ત્યારે હવે આ કાળઝાળ ગરમીમાં પ્રજાજનોએ પાણી માટે કોના દ્વાર ખખડાવવા તે એક મોટો યક્ષ પ્રશ્ન બની ગયો છે.

સત્તાધીશો સામે જનતાનો ફિટકાર

મહેમદાવાદ પાલિકામાં હાલ કોઈ મજબૂત નેતૃત્વ ન હોવાથી અધિકારીઓ અને સભ્યો બેફામ બન્યા હોવાનો આક્ષેપ પ્રજા કરી રહી છે. લોકોની માંગ છે કે આ નેતા વિહોણી અને નિષ્ક્રિય પાલિકા સામે કડક પગલાં ભરવા જોઈએ. જવાબદાર અધિકારીઓ ફોન પર સંતોષકારક જવાબ આપવાને બદલે જવાબદારીથી છટકી રહ્યા છે.

સમસ્યાના મુખ્ય કારણો

- **આસ્થા હોમ્સ:** પાઇપલાઇનમાં મોટું ગાબડું.
- **ફાટા તળાવ:** 4 દિવસથી મોટર બળી ગયેલી હાલતમાં.
- **ઝોન સિસ્ટમ:** તંત્ર દ્વારા સિસ્ટમ અમલમાં મૂકવામાં નિષ્ફળતા.
- **વહીવટી શૂન્યતા:** નેતૃત્વના અભાવે પ્રજાની સુવિધા ખોરવાઈ.

બોરસદ નજીક રિઝલ્ટ લેવા જઈ રહેલા કિશોરનું ડમ્પર ટક્કરે મોત

પીપળી ગામનો
આશાસ્પદ વિદ્યાર્થી કાળમુખા ડમ્પરની અડફેટે ચડ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૩

સમગ્ર રાજ્યમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સાહભેર પરિણામની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે બોરસદના પીપળી ગામમાં એક આશાસ્પદ વિદ્યાર્થી કાળનો કોળીયો બની ગયો હતો.

ભાદરણની ટી.બી. હાઈસ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતો ૧૭ વર્ષીય પૃથ્વીકુમાર શૈલેષભાઈ પરમાર પોતાનું પરિણામ લેવા માટે હર્ષભેર ઘરેથી નીકળ્યો હતો, પરંતુ કાળમુખા ડમ્પરે તેના તમામ સપનાઓને રસ્તા પર જ રોળી દીધા છે.

બોરસદના પીપળી ગામે સીમ વિસ્તારમાં રહેતા ખેડૂત શૈલેષભાઈનો દીકરો પૃથ્વીકુમાર આજે સવારે આશરે સવા આઠ વાગ્યે પોતાના કાકાના દીકરાની બાઇક લઈને શાળાએ જવા નીકળ્યો હતો. ભાદરણ-કિંખલોડ રોડ પર કલ્યાણપુરા પાટિયા નજીકથી પસાર થતી વખતે એક પૂરઝડપે આવતા ડમ્પર (નંબર જીજે 23 એવાય 1614) ના ચાલકે પૃથ્વીની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પૃથ્વીને માથા અને ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતમાં ઘવાયેલા પૃથ્વીને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક ૧૦૮ મારફતે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, તેની હાલત અત્યંત નાજુક હોવાથી અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવી રહ્યો હતો, તે દરમિયાન રસ્તામાં જ તેણે અંતિમ શ્વાસ લીધા હતાં. જે ઘરમાં પરિણામની ખુશીઓ આવવાની હતી, ત્યાં મરણતોલ ચીસો ગુંજી ઉઠી છે. ખેડૂત પિતાએ પોતાના આશાસ્પદ પુત્રને ગુમાવતા પીપળી ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. ભાદરણ પોલીસે અકસ્માત કરનાર ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં કાળમુખા બની દોડતા ડમ્પર સામે પગલાં ભરવામાં સ્થાનિક પોલીસ ઊણી ઉતરતાં રોષ ફેલાયો છે.

નડિયાદ શહેરમાં દિવાલના વિવાદમાં જીવલેણ હુમલો

કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજના કારોબારી સભ્યને લોખંડની કોસ મારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

નડિયાદના મંજીપુરા પાર્થનગર વિસ્તારમાં આવેલી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની વાડી પાસેની ખુલ્લી જમીનમાં દિવાલ ચણવા બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. દિવાલ બનાવવાનું કામ અટકાવી એક શખ્સે તેના પરિવાર સાથે મળીને સમાજના કારોબારી સભ્ય પર લોખંડની કોસથી જીવલેણ હુમલો કર્યો હતો.

આ ઘટનાની વિગતો મુજબ, સમાજની ૨૪.૫ ગુંઠા જેટલી ખુલ્લી જમીનની ફરતે બાઉન્ડ્રી વોલ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. આ સમયે પ્રકાશ હરિભાઈ પરમાર, તેમના પત્ની અને પુત્ર સાથે ત્યાં ધસી આવ્યા હતા અને અપશબ્દો બોલી કામ અટકાવ્યું હતું. સમાજના કારોબારી સભ્ય રતિલાલ પ્રેમજી પટેલે તેમને સમજાવવાનો પ્રયાસ કરતા, ઉશ્કેરાયેલા પ્રકાશ પરમારે લોખંડની કોસ વડે રતિલાલના માથાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. આ જીવલેણ હુમલામાં રતિલાલ પટેલ લોહીલુહાણ થઈ ગયા હતા, જ્યારે બચાવવા વચ્ચે પડેલા અન્ય સભ્ય શંકર પટેલને પણ ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. હુમલા બાદ આસપાસના લોકો દોડી આવતા હુમલાખોરો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે નડિયાદ રૂરલ પોલીસે ગુનો નોંધ્યો હતો.

તરસ્યું મહીસાગર | ૧૨૩ કરોડના 'નળ સે જળ' કૌભાંડમાં સીઆઈડીનો સપાટો

મહીસાગરના 'નળ સે જળ કૌભાંડ'માં ભાજપના અગ્રણી સહિત બે પકડાયાં

કોન્ટ્રાક્ટર કમ
સરપંચ પાસેથી ૧.૧૧ કરોડની રિકવરી બાકી, અત્યાર સુધીમાં કુલ ૩૧ આરોપી ઝડપાયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૩

મહીસાગર જિલ્લામાં પીવાના પાણીની પાઈપલાઈન નાખવાના નામે આચરવામાં આવેલા રૂ. ૧૨૩ કરોડના મસમોટા 'નળ સે જળ' યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ગાળિયો વધુ કસ્યો છે. તપાસ સંસ્થાએ શાસક પક્ષ ભાજપ સાથે છેડો ધરાવતા એક કોન્ટ્રાક્ટર કમ સરપંચ અને એક સરપંચ પતિની ધરપકડ કરતા પાણી સમિતિઓમાં ભ્રષ્ટાચાર આચરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. એકતરફ જનતા ભરઉનાળે પાણી માટે વલખાં મારી રહી છે, ત્યારે બીજી તરફ જનતાના નાણાં બારોબાર ઓળવી જનારા સફેદપોશ શખ્સોના કાળા કરતૂતો એક પછી એક બહાર આવી રહ્યા છે.

મહીસાગરના 'નળ સે જળ કૌભાંડ'માં સીઆઈડી ક્રાઈમની તપાસમાં બહાર આવ્યું છે કે, કોઠંબા તાલુકાના સિગ્નલી ગામના સરપંચ જશીબેન રાઠોડના પતિ બાબુસિંહ રાઠોડે વાસ્મો હેઠળની વિવિધ પાણી સમિતિઓના બેંક ખાતાનો દુરુપયોગ કર્યો હતો. બાબુસિંહે જોખા, શિવરાજપુર અને છના બારીયાના મુવાડા ગામની પાણી સમિતિઓમાંથી પોતાના વ્યક્તિગત નામે રૂ. ૩૫.૮૫ લાખ જેટલી માતબર રકમ બારોબાર ઉપાડી લીધી હતી. આ ધરપકડ બાદ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

બીજી તરફ, કોઠંબાના વાળીનાથ ગામના સરપંચ અને ભાજપના એટીવીટી સભ્ય એવા કોન્ટ્રાક્ટર નરેન્દ્ર મંગળભાઈ પટેલ (એન.એમ. પટેલ)ની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસ મુજબ, આ શખ્સે જિલ્લાના બેડીયા, ચાવડીયા, ટીંબા અને વરધરી સહિતના અનેક ગામોમાં સરકારી કામોમાં મોટાપાયે ગેરરીતિ આચરી હતી. ચોંકાવનારી વિગત એ છે કે, આ કોન્ટ્રાક્ટર પાસેથી સરકારે હજુ રૂ. ૧,૧૧,૭૮,૭૭૨ જેટલી જંગી રકમની વસૂલાત કરવાની બાકી છે.

સીઆઈડી ક્રાઈમ નાની-મોટી ધરપકડો કરીને કામગીરી બતાવી રહી છે, પરંતુ જેમના માથે કરોડો રૂપિયાની રિકવરી બાકી છે તેવા મુખ્ય કોન્ટ્રાક્ટરો અને મોટા માથાઓ હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાથી સ્થાનિક સ્તરે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

બાલાસિનોરમાં રાજાપાઠમાં પતિએ પત્નીને મારઝુડ કરી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૩

બાલાસિનોરના ગોરપુરા લાટ વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરણિતાને ઘરકામ અને જમવા જેવી નજીવી બાબતોમાં માનસિક-શારીરિક ત્રાસ આપી, દારૂ પીને મારઝૂડ કરી ઘરની બહાર કાઢી મુકી હતી.

વીરપુરના બોર ડાભીયા ગામની લીલાબેનના લગ્ન વર્ષ ૨૦૧૭ માં બાલાસિનોરના ગોપાલભાઈ અરવિંદભાઈ ઠાકોર સાથે થયા હતા. લગ્નના એક વર્ષ અને એક સંતાનના જન્મ બાદ સાસરિયાઓએ તને જમવાનું બનાવતા આવડતું નથી, તારા મા-બાપે કંઈ શીખવ્યું નથી, અમારે તને મફતનું શા માટે ખવડાવવાનું?" તેમ કહી મેણાં મારવાનું અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પીડિતાના જણાવ્યા મુજબ, તેનો પતિ અવારનવાર દારૂ પીને આવી ગાળો બોલી મારઝૂડ કરતો હતો, જેમાં સાસુ શારદાબેન અને સસરા અરવિંદભાઈ પણ પુત્રનો પક્ષ લઈને તેને ઘરેથી નીકળી જવા દબાણ કરતા હતા.

આ મામલે અગાઉ પંચો દ્વારા સમાધાન કરાવાયું હતું, પરંતુ ત્રાસ ચાલુ રહેતા પરણિતાએ વિરપુર કોર્ટમાં ભરણપોષણનો કેસ દાખલ કર્યો હતો. તાજેતરમાં મહિલા પોલીસ સ્ટેશનમાં યોજાયેલા કાઉન્સેલિંગ સેશન દરમિયાન પણ પતિ અને સાસરિયાઓએ દીકરો-દીકરી હોવા છતાં લીલાબેનને સાથે રાખવાની સ્પષ્ટ મનાઈ કરી છૂટાછેડાની માંગણી કરી હતી. અંતે પરણિતાએ પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચારુસેટ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ'નું લોકાર્પણ

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફની ફિટનેસ અને રમતગમત પ્રવૃત્તિઓને વેગ આપવા માટે અદ્યતન 'બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું કેળવણી મંડળના ઉપપ્રમુખ અશોકભાઈ પટેલના હસ્તે ગરિમાપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને રજિસ્ટ્રાર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રોમાંચક મેચો રમાઈ હતી, જેમાં પદાધિકારીઓએ પણ રમતનો આનંદ માણ્યો હતો. શારીરિક આરોગ્ય અને વેલનેસને પ્રોત્સાહન આપતી આ સુવિધા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

લુણાવાડાના પાદેડી રામપુરના સિદ્ધેશ્વર મહાદેવ મંદિરે ભક્તિભાવ સાથે ભવ્ય પાટોત્સવ ઉજવાયો

લુણાવાડા | લુણાવાડા તાલુકાના પાદેડી રામપુર ગામે પ્રાચીન સિદ્ધેશ્વર મહાદેવ મંદિરના પુન:નિર્માણની વર્ષગાંઠ નિમિત્તે ૨૨મી મેએ ભક્તિમય માહોલમાં પાટોત્સવ યોજાયો હતો. વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે વિશેષ પૂજાવિધિ સંપન્ન કરી પરંપરાગત રીતે મંદિરના શિખર પર નવીન ધજા ચઢાવવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન ભજન-કીર્તન અને 'ઓમ નમ: શિવાય' ના નાદથી શિવાલયનું વાતાવરણ શિવમય અને દિવ્ય બની ગયું હતું. આ ઉત્સવ પ્રસંગે ગ્રામજનો માટે ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

બીવીએમ કોલેજ ખાતે બ્લોકચેન ટેક્નોલોજી પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો

આણંદ | વલ્લભ વિદ્યાનગરની બીવીએમ એન્જિનિયરિંગ કોલેજના આઈટી વિભાગ દ્વારા GUJCOST ના સહયોગથી 'બ્લોકચેન ફોર ડિજિટલ ઈન્ડિયા' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં નિષ્ણાતો દ્વારા સ્માર્ટ કોન્ટ્રાક્ટ્સ, ક્રિપ્ટોકરન્સી અને DApp ડેવલપમેન્ટ જેવા આધુનિક વિષયો પર 40થી વધુ પ્રતિભાગીઓને પ્રાયોગિક તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. MSU, CHARUSAT અને GCET જેવી વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લઈ ડિજિટલ ઈન્ડિયા માટે બ્લોકચેન ટેક્નોલોજીની ઉપયોગિતા વિશે ગહન સમજ મેળવી હતી. પ્રિન્સિપાલ ડો. વિનય પટેલ અને ડો. કેયુર બ્રહ્મભટ્ટે આધુનિક ટેક્નોલોજીમાં સંશોધન પર ભાર મૂક્યો હતો.

કરમસદની હોસ્પિટલમાં કિશોરીનો કેન્સરગ્રસ્ત પગ કાપ્યા વિના બચાવ્યો

આણંદ | કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના તબીબોએ મહેસાણાની ૧૬ વર્ષની કિશોરીના જમણા પગમાં થયેલા 'ઓસ્ટિયોસાર્કોમા' નામના હાડકાના કેન્સરની જટિલ સર્જરી સફળતાપૂર્વક કરી છે. હોસ્પિટલની મલ્ટિસ્પેશિયાલિટી ટીમે લિમ્બ-સેલ્વેજ સર્જરી દ્વારા કેન્સરગ્રસ્ત ભાગ દૂર કરી પ્રોસ્થેટિક ઈમ્પ્લાન્ટની મદદથી કિશોરીનો પગ બચાવી તેની ચાલવાની ક્ષમતા પુન:સ્થાપિત કરી છે. ઓન્કોલોજી, ઓર્થોપેડિક અને વાસ્ક્યુલર સર્જરી વિભાગના સંકલિત પ્રયાસોથી ટ્યુમર સાથે જોડાયેલી મુખ્ય રક્તવાહિનીઓને સુરક્ષિત રાખી આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ અદ્યતન સારવાર આયુષ્માન યોજના હેઠળ વિનામૂલ્યે કરવામાં આવી હતી, જે મધ્યમ વર્ગીય પરિવાર માટે આશાનું કિરણ સાબિત થઈ છે.

મહીસાગર ૪૨ પાટીદાર ક્રિકેટ ટૂર્નામેન્ટમાં 'ખોડાઆંબા' ટીમનો ભવ્ય વિજય

લુણાવાડા | વડોદરાના અનખોલ મેદાન પર અજય પટેલ અને સહ-સંયોજકો દ્વારા આયોજિત પાંચ દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટ ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. આ ટૂર્નામેન્ટની રોમાંચક ફાઇનલ મેચ 'ખોડાઆંબા' અને 'મેડજીના મુવાડા'ની ટીમો વચ્ચે રમાઈ હતી, જેમાં કાંટાની ટક્કર જોવા મળી હતી. અંતે 'ખોડાઆંબા' ટીમે શાનદાર પ્રદર્શન કરી માત્ર 7 રનથી વિજય મેળવી ટૂર્નામેન્ટની વિજેતા ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી.

આણંદની દીકરીએ મુસીબતમાં રક્ષણ આપતી 'ઇમરજન્સી એલર્ટ પેન' તૈયાર કરી પેટન્ટ મેળવી

આણંદ | આણંદની સ.વ. પટેલ શાળાની વિદ્યાર્થીની ગોહેલ વૈભવીએ બાળ સુરક્ષા માટે 'ઇમરજન્સી એલર્ટ આસિસ્ટિંગ પેન' નામના સાધનની શોધ કરી છે. આ પેન દ્વારા બાળક સંકટના સમયે પોતાનું લાઈવ લોકેશન નજીકના પોલીસ સ્ટેશન અને માતા-પિતાને એકસાથે મોકલીને ત્વરિત મદદ મેળવી શકશે. આ અનોખા સંશોધનની પેટન્ટ રજીસ્ટર કરાવીને વૈભવીએ શાળા અને સમગ્ર ચરોતર પંથકનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવાર અને સંસ્થાના હોદ્દેદારોએ વૈભવીની આ વૈજ્ઞાનિક સૂઝબૂઝને બિરદાવી તેને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પમાં ૮૧ બાળકોએ લીધો લાભ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી.એચ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને ફાર્મ મજૂરોના ૦થી ૧૫ વર્ષના બાળકોને આવરી લેવાયા હતા. આ આરોગ્યલક્ષી સેવાનો કુલ ૮૧ બાળકોએ લાભ લીધો હતો, જેમાં યુનિવર્સિટી વસાહતના રહીશોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

મહીસાગરના બાકોર ખાતે 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ કેમ્પ'નું ભવ્ય આયોજન કરાયું

લુણાવાડા | મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા બાકોરની મોડેલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, શિસ્ત અને કાયદા પ્રત્યે આદર કેળવવાના હેતુથી SPC કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કાયદાનું પાયાનું જ્ઞાન, સામાજિક ફરજો અને જીવનમાં શિસ્તના મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી અને જો વિદ્યાર્થીઓને નાની ઉંમરે જ યોગ્ય સંસ્કારો અને કાયદાનું જ્ઞાન મળે, તો તેઓ ભવિષ્યમાં એક સક્ષમ અને સુરક્ષિત સમાજનું નિર્માણ કરી શકે છે. આ કેમ્પમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતાં.

મહીસાગરમાં 'જનભાગીદારી અભિયાન' હેઠળ વિવિધ કલસ્ટરોમાં સેચ્યુરેશન કેમ્પ યોજાયા

લુણાવાડા | રાજ્ય સરકારના છેવાડાના માનવી સુધી પહોંચવાના અભિગમ સાથે હીરાપુર, ચુથાના મુવાડા અને પાનમ પાલ્લા સહિતના પાંચ કલસ્ટરમાં 'સબસે દૂર સબસે પહેલે' સંકલ્પ હેઠળ ભવ્ય કેમ્પનું આયોજન થયું હતું. આ કેમ્પમાં મહેસૂલ અને પંચાયત વિભાગ દ્વારા સ્થળ પર જ નવા રેશનકાર્ડ, આધાર કાર્ડ અને વિવિધ જાતિ-ડોમિસાઇલના પ્રમાણપત્રો કાઢી આપવાની કામગીરી કરવામાં આવી હતી. સામાજિક સુરક્ષા હેઠળ વિધવા અને વૃદ્ધ પેન્શન સહાય તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્માન ભારત કાર્ડ અને ટી.બી. મુક્ત ભારત જેવી સેવાઓનો લાભ ગ્રામજનોને અપાયો હતો.

સીવીએમ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ શાખાના પ્રાધ્યાપકને Ph.D.ની પદવી એનાયત

આણંદ | વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી દ્વારા આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેસન (પીટીસી)ના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ (પ્રા.) હાર્દિકભાઇ પટેલને ડોક્ટર ઓફ ફિલોસોફી (પીએચડી.)ની ડિગ્રીથી સન્માનિત કરાયા છે. સીવીએમ યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગના ફેકલ્ટી ડો.અંજલીબેન દવેના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ ચારુતર વિદ્યા મંડળ : અ કેસ સ્ટડી વિષય પર ડોક્ટરલ સંશોધન પૂર્ણ કરતાં તેમને પીએચડીની ડિગ્રી એનાયત કરાઇ છે.

આણંદની ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટના ૪૭ વિદ્યાર્થીઓ યુનિ. ટોપ-૧૦માં ઝળક્યા

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સંસ્થાનું ઇકોનોમિક્સ સેમેસ્ટર-૨માં ૯૫ ટકા જેટલું શાનદાર પરિણામ આવ્યું છે. પરીક્ષા આપનાર ૬૦ વિદ્યાર્થીઓ પૈકી ૪૭ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦ માં સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ અભૂતપૂર્વ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનકુમાર પટેલ અને પ્રિન્સિપાલ ડો. ભગવાનસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. કોલેજ એડમિનિસ્ટ્રેટર અને કેમ્પસ ડાયરેક્ટર સહિત સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓની આ ઝળહળતી સિદ્ધિને બિરદાવી છે.